*તમે ગે (સમલિંગી) છો, તમે કોઈને પ્રેમ કરો છો,*
*તમે તમારું સમગ્ર જીવન તેમની સાથે વિતાવવા માગો છો....*

**તો બંધાઈ જાવ બંધનમાં!**

સિવિલ પાર્ટનરશીપ વિશેની માર્ગદર્શિકા

* * *

*'તમને દરેક અધિકાર - દરેક જવાબદારી મળે છે - સાધારણ યુગલો લગ્ન કરે ત્યારે તેમને જે મળે છે તે બધા જ'*

*i આ સિવિલ પાર્ટનરશીપ, તે લગ્ન કહેવાય કે નહિ?*

હા, તેનો ઈરાદો અને હેતુ તો એવો જ છે. સિવિલ પાર્ટનરશીપથી તમને દરેક અધિકાર અને દરેક ખાસ સવલત - અને દરેક જવાબદારી મળે છે - સાધારણ યુગલો જ્યારે લગ્ન કરે ત્યારે તેમને જે મળે છે તેવા જ. આ એવું જ છે. તમે તમારા સંબંધોની ઉજવણી પણ કરી શકો છો.

*ii ક્યા પ્રકારના અધિકારોની તમે વાત કરો છો?*

નવી ઉજવણીઓ અને મોટી મિજલસ ઉપરાંત? તમને વંશવારસના અધિકારો મળે છે, તમને તમારા જીવનસાથી (પાર્ટનર)નાં બાળકોના સંબંધમાં અધિકારો મળે છે, તમને ટેક્સના અધિકારો મળે છે, સાધારણ પરિણીત યુગલોને મળે છે તેવા વારસદાર તરીકેના અધિકારો સહિત. અને તમને પેન્શનના અધિકારો પણ મળે છે, એટલે જો કદાચ તમારા સિવિલ પાર્ટનરનું મૃત્યુ થાય તો તમે તેમનું પણ પેન્શન ક્લેઈમ કરી શકો છો...

*iii તો અમે સિવિલ પાર્ટનરો બનીશું?*

હા, પરંતુ તમે એકબીજાંને જે નામથી બોલાવવાં હોય તેનાથી બોલાવી શકો છો - પતિ, પત્ની, જીવનસંગી, જીવનસંગીની - જો કે અધિકૃત દસ્તાવેજો ઉપર નહિ. જો તમે દાખલા તરીકે તમારા પાર્ટનરનું નામ તમારા ડ્રાઈવિંગ લાઈસન્સ પર કે પછી તમારા પાસપોર્ટ પર લખાવવા માગતાં હો, તો ઓળખનો પુરાવો અને તમારું સિવિલ પાર્ટનરશીપ સર્ટિફિકેટ જ તે મામલો ઉકેલવા માટે પૂરતાં થઈ રહેશે.

* * *

*'તે કાનૂની રીતે બંધનકર્તા છે, એટલે તે ફક્ત મજાક પૂરતું કે બે ઘડી માટે પ્રેમનો એકરાર કરવા પૂરતું નથી.'*

*iv તો હવેથી પાર્ટનરો વચ્ચે વારસદારો માટેનો ટેક્સ નહિ રહે?*

ના, કારણ કે હવેથી તમે સિવિલ પાર્ટનરો છો અને સાધારણ પરિણીત યુગલ તરીકે ઓળખાવ છો. તમને મૃત્યુની નોંધણી કરાવવાનો અધિકાર, સ્વજનના મૃત્યુ પછી મળતા બીરિવમેન્ટ બેનિફિટો મેળવવાનો અધિકાર, જીવલેણ અકસ્માતના કિસ્સામાં વળતરનો ક્લેઈમ કરવાનો અધિકાર, તમારા સહિયારા ભાડાના રહેઠાણમાં રહેવાનું ચાલુ રાખવાનો અધિકાર મળે છે...

*v પણ સિવિલ પાર્ટનરો બનવા માટે શું અમે સાથે રહેતાં હોય એવું જરૂરી નથી?*

ના. સાધારણ પરિણીત યુગલોની જેમ જ આ હોય છે. ઘરેલૂ ગોઠવણો અને કોણ ક્યાં રહે છે તેની સાથે બીજા કોઈને લેવાદેવા નથી. અને તમારા કામના માલિકોએ પગાર ઉપરાંત મળતા લાભો તેમજ બેનિફિટોના સંબંધમાં તમારી અને તમારા સિવલ પાર્ટનર સાથે પણ એવો જ વ્યવહાર કરવાનો રહેશે જેવો તેઓ સાધારણ પરિણીત યુગલો સાથે કરે છે.

*vi તમે કહ્યું કે આમાં જવાબદારીઓ પણ હોય છે...*

અલબત્ત, આ કાનૂની રીતે બંધનકર્તા છે, એટલે તે ફક્ત મજાક પૂરતી કે બે ઘડી પ્રેમના આવેશમાં કરવાની બાબત નથી. તેનાં પરિણામો સાથે તમારે જીવવાનું રહેશે, જેમાં કદાચ તમારા સિવિલ પાર્ટનર અને તેનાં કોઈ બાળકો હોય તો તેમને ભરણપોષણ પણ આપવું પડે. અને જો તમને બેનિફિટો મળતા હોય, તો તમારી સાથે બીજાં કોઈ પણ પરિણીત યુગલ જેવો વ્યવહાર કરવામાં

આવશે. પરંતુ આ બધાં જ યુગલો માટે - જેઓ કોઈ કાગળના દસ્તાવેજ કર્યા વગર સાથે રહેતાં હોય - પછી તેઓ ગે હોય કે સાધારણ - તે બધાં જ માટે લાગુ પડે છે.

* * *

*'તેને બંધન તોડવું કહેવાય છે, પરંતુ જો કદાચ કશું ખોટું થાય તો હા, તમારે ''છૂટાછેડા'' કરવાની જરૂર પડશે'*

vii *તો ધારો કે, જો કશું ખોટું થયું તો શું અમારે છૂટાછેડા કરવા પડશે?*
તેને 'બંધન તોડવું' કહેવાય છે, પરંતુ હા, તમારે તે કરવાનું રહેશે.

viii *અને શું અમે ચર્ચમાં લગ્ન કરી શકીએ?*
તમે ચર્ચમાં તમારા પ્રિય હોય એવા સમલિંગી લોકો પ્રતિ મિત્રભાવનાવાળા કોઈ પાદરી પાસે (કે સમલિંગી લોકો પ્રતિ મિત્રભાવનાવાળા તેમના જેવા કોઈ ધાર્મિક વડા પાસે) આશિર્વાદ મેળવી શકો છો, જેવી રીતે રજિસ્ટર ઓફિસમાં લગ્ન કરતાં સાધારણ યુગલો કરે છે તેવી જ રીતે, પરંતુ રજિસ્ટ્રેશનની કાર્યવાહી દરમ્યાન કોઈ ધાર્મિક વિધિ કરી શકાશે નહિ, જેમ કોઈ નાગરિક લગ્નમાં સાધારણ યુગલો માટે થાય છે તેવી જ રીતે. પરંતુ તેનો અર્થ એવો નથી કે તમે કોઈ સુંદર જગ્યાએ લગ્ન ન કરી શકો. જે કોઈ સ્થળને નાગરિક લગ્ન યોજવા માટેનું લાઈસન્સ મળેલું હોય તેવી કોઈ પણ જગ્યાએ લગ્ન વિધિ કરી શકો છો - એટલે કે કોઈ સરકારી ગૃહો, હોટેલો, પસંદ કરવામાં આવેલા દરિયા કિનારાઓ અને પર્વતની ટોચ ઉપર પણ.

ix *અમારી નોંધણી કરવામાં આવી રહી હોય ત્યારે શું થાય છે?*
તે દિવસ તમારો છે. તમે જે ચાહો તે કરી શકો છો, એટલે જો કોઈ પ્રક્રિયા કરવાની તમારી ઈચ્છા ન હોય, તો તે કરવાની - કે પછી તમારે કશું કરવું હોય તે નહિ કરવા દેવાની કોઈ અધિકારી તમને ધમકી ન આપી શકે! તમે તમારા પોતાનાં લગ્ન વચનો લખી શકો છો, વીંટીની અદલાબદલી કરી શકો છો, કોઈ પણ વાંચન વંચાવી શકો, ચુંબન આપીને સંબંધ પાક્કો કરી શકો છો, જે કંઈ પણ તમે ઈચ્છો - તમારે ફક્ત તે વિશે તમારા રજિસ્ટ્રાર સાથે ચર્ચા કરી લેવાની રહેશે. તમારે જે એક વસ્તુ ફરજિયાત કરવાની રહેશે તે છે, તમારે સહી કરીને બે સાક્ષીઓ પૂરા પાડવાના રહેશે.

* * *

*'નાગરિક લગ્ન વિધિઓ કરવા માટેનું લાઈસન્સ પ્રાપ્ત હોય તેવા કોઈ પણ સ્થળે તમે લગ્ન વિધિ કરી શકો છો'*

x *અને શું ઈમિગ્રેશન ઓફિસમાં આને ગણતરીમાં લેવામાં આવે છે?*
હા, હવેથી તમે પણ સાધારણ યુગલો લગ્ન કર્યા પછી જેવી પરિસ્થિતિમાં હોય છે તેવી જ પરિસ્થિતિમાં છો. કદાચ રજિસ્ટર થવા માટે કોઈ દેશમાં પ્રવેશ મેળવવા ઉપર મર્યાદાઓ હોઈ શકે, પરંતુ સાધારણ યુગલો પર જેવી મર્યાદાઓ હોય તેના કરતાં તે વધારે નહિ હોય.

xi *તો અમારે શરૂઆત કેવી રીતે કરવી?*
તમારે તમારી પાર્ટનરશીપની નોંધણી કરાવવાના તમારા ઈરાદાની ઔપચારિક સૂચના આપવા માટે રજિસ્ટ્રેશન સર્વિસમાં - રૂબરૂમાં - જવાનું રહેશે, જેવી રીતે કોઈ સાધારણ યુગલો જાય તેમ જ. અને યાદ રાખો, તમારે સ્થાનિક રીતે જ લગ્ન કરવાં પડે એવું જરૂરી નથી - તમે યુ.કે.માં લાઈસન્સ ધરાવતાં કોઈ પણ સ્થળે જઈને લગ્ન કરી શકો છો. તમે એક વાર સૂચના આપી દેશો એટલે તમારી પાસે રાહ જોવા, આયોજન કરવા, કપડાં પસંદ કરવા, મિત્રોને આમંત્રણ આપવા અને લગ્નની આગલી રાતની સ્વતંત્રતાની મજા માણવા માટે 15 દિવસનો સમય હશે.

xii *તે પછી તમે લગ્નના બંધનમાં બંધાઈ શકો છો!*

* * *

આમાં બીજું વધારે જાણવાની જરૂર છે?

*સિવિલ પાર્ટનરશીપ વિશે તમારે જાણવી જરૂરી એવી બધી જ વિગતો માટે જુઓ*
www.stonewall.org.uk
www.stonewallcymru.org.uk

વિદેશથી આવતાં પાર્ટનર સાથે સિવિલ પાર્ટનરશીપને લગતી બાબતોમાં તમને *હોમ ઓફિસ ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી ડિરેક્ટોરેટ* મદદ કરી શકે છે.
0870 606 7766
www.ind.homeoffice.gov.uk

*યુ.કે. લેસ્બિયન એન્ડ ગે ઈમિગ્રેશન ગ્રુપ* ઈમિગ્રેશનને લગતી કોઈ પણ બાબત ઉપર સહાય પૂરી પાડે છે.
020 7620 6010
www.uklgig.org.uk

*પેન્શન સર્વિસ*
પેન્શન માટેના નવા અધિકારો વિશે જો તમને સલાહ જોઈતી હોય તો જુઓ
www.thepensionservice.gov.uk

*બાળક દત્તક લેવું (અડોપ્શન)*
તમારા પાર્ટનરના બાળકને દત્તક લેવા વિશે વધારે માહિતી માટે જુઓ
www.dfes.gov.uk/adoption

*જોબ સેન્ટર પ્લસ* તમને બેનિફિટો વિશે સલાહ આપી શકે. જુઓ
www.jobcentreplus.gov.uk

*ઈનલેન્ડ રેવન્યૂ*
ટેક્સ સંબંધી કાયદા વિશેની કોઈ પણ પૂછપરછ માટે જુઓ www.inlandrevenue.gov.uk

*જનરલ રજિસ્ટર ઓફિસ* પાસે લાઈસન્સ પ્રાપ્ત સ્થળોની યાદી હોય છે અને તેઓ ખર્ચ, કોઈ કારણસર સ્થળ પર હાજર ન રહી શકે તેવી કોઈ વ્યક્તિ સાથે સિવિલ પાર્ટનરશીપ કરવા અંગે તમને કોઈ પણ પ્રશ્નો હોય તો તેના અને આને લગતી બીજી અનેક બાબતોના જવાબ આપી શકે છે.
જુઓ www.gro.gov.uk
જનરલ રજિસ્ટર ઓફિસ ફોર સ્કોટલેન્ડ
www.gro-scotland.gov.uk

*સ્ટોનવોલ*
020 7881 9440
*મિનિકોમ*
020 7881 9996
*સ્ટોનવોલ સ્કોટલેન્ડ*
0131 557 3679
*સ્ટોનવોલ સીમરુ*
02920 237 744

સ્ટોનવોલ માટે વોરિક વર્લ્ડવાઈડ દ્વારા પ્રસિદ્ધ

બાર્કલેયઝે આપેલા ટેકા માટે સ્ટોનવોલ તેનો અત્યંત આભાર માને છે